# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/કવા–૦૨/૧૭–૧૮/૮૮૪૯ તા ૧૧-૧૦-૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વજસી અરજણ બંધીયા,
ગામ: બજાણા
તા. ખંભાળીયા
જી. દેવભુમી દ્વારકા
મો: ૮૭૫૮૧ ૫૨૨૫૯, ૯૯૧૩૩ ૯૨૪૧૨

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૦/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૦/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૯–૦૯–૧૭ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: વજસી અરજણ બંધીયા, ગામ: જામનગર

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના ભાઈ શ્રી પરબત હરદાસ બંધીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :એ.એ.છત્રોલા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ લોક–અદાલત મા સમાધાન થયા મુજબ, તા.૦૫–૦૬–૨૦૦૬ ના રોજ રીસીપ્ટ નં. ૦૫૭૧૯૦ થી નાણા ભરી આપેલ છે. તેમજ, લોક–અદાલત મા કહયા મુજબ, ફરીથી વીજજોડાણ આપી દેવાની વાત જણાવેલઆ દરમ્યાન, તેઓના પિતાશ્રી નુ મૃત્યુ થયેલ હતુ. જે બાબત કચેરી ને જણાવેલ હતી. તેમ છતા, આજદિન સુધી ફરી થી પીજીવીસીએલ તરફથી ફરીથી વીજજોડાણ અપાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકારે જણાવેલ કે, ફરીયાદી અરજદાર શ્રી ના સ્વ. દાદા અરજણભાઈ કાનાભાઈ બંધીયા ના નામે – ગામ : બજાણા ખાતે સર્વે નંબરઃ ૩૧૪ મા ગ્રાહક નં. : ૩૩૦૫૮/૦૦૧૯૫/૯ થી ૦૫ હોપા નો ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા હતા. જે તા.૨૦–૧૦–૨૦૦૧ થી પીડીસી થયેલ છે. સદર જોડાણ પેટે બાકી રકમ લોક–અદાલત મા સમાધાન થયા મુજબ, રૂ.૪,૦૦૦/– રસીદ નં. : ૩૮૮૩૮ તા.૧૦–૦૯–૦૫ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. |
| ૨.૨ | ફરીયાદી અરજદાર શ્રી ના પિતાશ્રી વજસી અરજણ બંધીયા એ તા.૦૫–૦૬–૨૦૦૬ ના રોજ – સદર રદબાતલ થયેલ વીજ જોડાણ નામ બદલી સાથે પુનઃ ચાલુ કરવા માટે નોધણીચાર્જ તથા ભાવપત્રક ની રકમ રૂ.૧,૨૦૨/– રસીદ નં. : ૫૭૧૯૦ તા.૦૫–૦૬–૦૬ ના રોજ થી ભરપાઈ કરી આપેલ છે. સદર વીજ જોડાણ ની અરજી અંગે નો રેકર્ડ, સબંધક કચેરી માથી મળી ન આવતા, આગળ ની કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય, તા.૦૮–૦૯–૨૦૧૭ ના રોજ સ્થળ ની તપાસણી અંગે નુ રોજકામ – અરજદાર પાસેથી જરૂરી દસ્તાવેજીક નકલ મેળવી – આ અંગે ની દરખાસ્ત વિભાગીય કચેરી પત્ર નં. કેઆરએસડી/૩૦૪૬ તા.૧૨ –૦૯–૨૦૧૭ થી મંજુરીની પ્રક્રીયા માટે મોકલેલ – જે જરૂરી ખરાઈ કરીને મંજુરીની પ્રક્રીયા માટે વર્તુળ કચેરી ને તા.૧૪ –૦૯–૨૦૧૭ થી મોકલાવેલ, જેની મંજુરી મળ્યા બાદ, આગળ ની કાર્યવાહી હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર નુ ખેતીવાડી વીજજોડાણ નામ બદલી સાથે પુનઃ ચાલુ કરવા માટે અરજદાર પાસેથી જરૂરી દસ્તાવેજીક પેપર મેળવી અને હાલ વર્તુળ કચેરી ખાતે તા.૧૪ –૦૯–૨૦૧૭ થી મોકલાવેલ, જેની મંજુરી મળ્યા બાદ – વિભાગીય કચેરી કક્ષાએથી આગળ ની કાર્યવાહી હાથ ધરવામા આવશે, તે મુજબ ની જાણકારી પીજીવીસીએલ તરફથી અપાયેલ હોય, જે બાબતે – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ ઓછામા ઓછા સમય મા સદર મંજુરીની પ્રક્રીયા ની આગળ ની કાર્યવાહી હાથ ધરવા બાબતે – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.